પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૬ | ૨૭ મે, ૨૦૧૯, સોમવાર; વૈશાખ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આગામી પાંચ વર્ષ વિશ્વમાં ભારત પ્રભાવી બનશે : મોદી

**આગામી પાંચ વર્ષ જનભાગીદારી અને જનચેતનાના જ રહેશે : આગામી પાંચ વર્ષનો ઉપયોગ સામાન્ય નાગરિકોની સમસ્યાઓને ઉકેલવા માટે કરાશે : મોટા જનાદેશના કારણે જવાબદારી પણ વધારે વધી છે : મોદી**

અમદાવાદ, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મેળવ્યા બાદ આજે ગુજરાત પહોંચ્યા હતા. મોદી બીજી વખત વડાપ્રધાન તરીકેના શપથ લે તે પહેલા વિજય ઉત્સવમાં પહોંચ્યા બાદ તેઓએ અમદાવાદ શહેરના ભાજપ ખાનપુર કાર્યાલય ખાતે ઉપસ્થિત લોકોને સંબોધન કર્યું હતું. મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિમાં મોદીએ કહ્યું હતું કે, સુરતની અગ્નિકાંડની ઘટનાથી તમામ લોકો આઘાતમાં ગરકાવ થઈ ગયા છે. આ ઘટના પ્રત્યે જેટલી સંવેદના વ્યક્ત કરવામાં આવે તેટલી ઓછી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ ઘટનાથી તમામ લોકો હચમચી ઉઠ્યા છે. આ પ્રકારની ઘટના ફરી ન બને તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે.

સુરતની ઘટના બની ત્યારથી જ તેઓ પોતે પણ આ ઘટનાને લઈને સંપર્કમાં હતા. વિજય ઉત્સવમાં ભાગ લેવો જોઈએ કે કેમ તેને લઈને પણ પોતે પણ દુવિધામાં હતા. કારણ કે, સુરત અગ્નિકાંડની ઘટનાથી ભારે દુવિધાભરી સ્થિતિ ઉભી થઈ ગઈ હતી. એકબાજુ જવાબદારી અને બીજી બાજુ કર્તવ્યની બાબત રહેલી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આ ઘટના બાદ આઘાતમાં ગરકાવ રહેલા પરિવારોને ભગવાન શક્તિ આપે તેવી તેઓ પ્રાર્થના કરે છે.




અન્ય મુદ્દા ઉપર વાત કરતા મોદીએ કહ્યું હતું કે, છઠ્ઠા તબક્કાના મતદાન બાદ જ્યારે તેઓએ પોતે કહ્યું હતું કે, અમને ૩૦૦થી વધારે સીટો મળી રહી છે. આવા નિવેદન બાદ તેમની મઝાક કરવામાં આવી હતી. આટલો મોટો જનાદેશ ઐતિહાસિક છે. લોકો નક્કી કરીને બેઠા હતા કે, ફરીથી મજબૂત સરકાર તેઓ ઈચ્છે છે. ૨૦૧૪ની ચૂંટણીમાં ભારતના લોકોને ગુજરાતના વિકાસ અંગે માહિતી હતી. તેઓ ગુજરાતના લોકોના દર્શન માટે અહીં આવ્યા છે. રાજ્યના નાગરિકોના આશીર્વાદ તેમના માટે હંમેશા મહત્વપૂર્ણ રહ્યા છે. મોદીએ અન્ય મુદ્દા ઉપર પણ વાત કરી હતી. આવનાર પાંચ વર્ષ જનભાગીદારી અને જનચેતના માટેના રહેનાર છે. સોશિયલ મિડિયા ઉપર ફરતા થયેલા એક વિડિયોનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં આ મહિલા મોદી મોદી કહેતા નજરે પડે છે. આ મહિલાએ ગુજરાતના વિકાસની વાત પણ કરી હતી જેનાથી લોકોને ગુજરાત અંગે વધુ જાણવા મળ્યું હતું. આટલી મોટી જીત બાદ વિનમ્ર રહેવાની બાબત ખુબ મહત્વપૂર્ણ છે. આગામી પાંચ વર્ષ સર્વાંગી વિકાસ માટેના રહેશે. વિશ્વ સ્તર પર ભારતને વધુ આગળ વધારવાનો સમય છે. આગામી પાંચ વર્ષનો ઉપયોગ સામાન્ય નાગરિકોના મુદ્દાને ઉકેલવાનો રહેશે.

# પ્રધાનમંત્રી પદે મોદીનો ૩૦મીએ શપથવિધિ

**સાંજે સાત વાગે રાષ્ટ્રપતિ તમામને હોદ્દા-ગુપ્તતાના શપથ લેવડાવશે : મોદી ગુજરાત બાદ આજે વારાણસીમાં લોકોનો અભાર માનવા માટે પહોંચશે સતત બીજીવાર કોંગીને હાર આપીને ભારતીય જનતા પાર્ટીની સત્તામાં એન્ટ્રી**

નવીદિલ્હી, તા.૨૬

લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ સાથે વિજય મેળવી લીધા બાદ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ દ્વારા સરકાર બનાવવાનો દાવો રજૂ કરી દેવામાં આવ્યો છે. ૨૭મી મેના દિવસે એટલે કે આવતીકાલે મોદી વારાણસી પહોંચશે અને ત્યાં લોકોના આશીર્વાદ મેળવી લીધા બાદ સરકાર રચવાની કવાયત આગળ વધશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૩૦મી મેના દિવસે સાંજે સાત વાગે રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન અને કેન્દ્રીયમંત્રીમંડળના અન્ય સભ્યોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે. જુદા જુદા પક્ષોના નેતાઓને પણ મોદી કેબિનેટમાં સામેલ કરવાની કવાયત શરૂ થઈ ચુકી છે. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મોદી લહેર વચ્ચે જોરદાર સપાટો બોલાવીને મોટાભાગની સીટો જીતી લીધી હતી. ભારતીય જનતા પાર્ટીએ એકલા હાથે ૩૦૩ સીટો જીતી લીધી હતી જ્યારે એનડીએની ૩૫૩ સીટો રહી છે. યુપીએને ૮૫ સીટો હાથ લાગી છે જેમાં કોંગ્રેસની ૫૫ સીટો સામેલ છે. બાકી સીટો અન્યોના ખાતામાં ગઈ છે. ઉત્તરપ્રદેશ સહિતના તમામ મોટા રાજ્યોમાં ભારતીયન જનતા પાર્ટીએ પોતાના ગઢને જાળવી રાખીને બંગાળ જેવા રાજ્યોમાં સફળતા પણ હાંસલ કરી છે. અત્રે નોંધનીય છે કે, સંસદના સેન્ટ્રલ હોલમાં ગઈકાલે નરેન્દ્ર મોદીની વિધિવતારીતે ભાજપ અને એનડીએના સંસદીય પક્ષના નેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી. ભાજપ સંસદીય દળની અને એનડીએની બેઠકમાં મોદીને નેતા તરીકે સર્વસંમતિથી ચૂંટવામાં

● અનુસંધાન પાન-૭ પર

## શપથવિધિમાં હાજરી માટે મોદીને જગન મોહન રેડ્ડીનું આમંત્રણ

**મોદી સાથે જગન મોહન રેડ્ડીની વિસ્તૃત બેઠક : સાનુકુળ બેઠક યોજાઈ : જગનમોહન મોદીને ભેટી પડ્યા**

નવીદિલ્હી, તા. ૨૬

વાયએસઆર કોંગ્રેસના પ્રમુખ વાયએસ જગન મોહન રેડ્ડી આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે પહોંચ્યા હતા. મોદી સાથે થોડાક સમય સુધી વાતચીત પણ કરી હતી. સાથે સાથે આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવા માટે રજૂઆત પણ કરી હતી. જગન મોહન રેડ્ડીએ ૩૦મી મેના દિવસે વિજયવાડામાં મુખ્યમંત્રી તરીકે શપથ લેવાની તૈયારી કરી છે ત્યારે શપથવિધિમાં ઉપસ્થિત રહેવા મોદીને આમંત્રણ આપ્યું હતું. જગન મોહને આંધ્રમાં ખાસ દરજ્જાની માંગ કરીને રજૂઆત કરી હતી. નવી દિલ્હીમાં સરકારની રચના કરવામાં આવ્યા બાદ આંધ્રને ખાસ રાજ્યના દરજ્જા તરફ

● અનુસંધાન પાન-૭ પર

## સ્મૃતિ ઈરાનીના ખાસ સહયોગી અને પૂર્વ પ્રધાન સુરેન્દ્રસિંહની ગોળી મારી હત્યા

**પરિવારના સભ્યોને કોંગ્રેસ પાર્ટી ઉપર શંકા : વહેલી પરોઢે ત્રણ વાગે હુમલાખોરોએ સુરેન્દ્રસિંહની ગોળી મારી હત્યા કરી : સ્મૃતિ અંતિમસંસ્કારમાં ઉપસ્થિત રહ્યા**



અમેઠી, તા. ૨૬

કોંગ્રેસના ગઢ અમેઠીમાં ભાજપ નેતા સ્મૃતિ ઈરાનીની શાનદાર જીત બાદ તેમના નજીકના નેતા સુરેન્દ્રસિંહની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટના બાદથી ગામના લોકોમાં ભારે આક્રોશ જોવા મળે છે. સુરેન્દ્રસિંહના પરિવારના સભ્યોએ સ્થાનિક કોંગ્રેસી નેતાઓ ઉપર હત્યાનો આક્ષેપ કર્યો છે. બીજી બાજુ ચિંતાતુર થયેલા અમેઠીના સાંસદ અને કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની દિલ્હીથી તરત અમેઠી પહોંચ્યા હતા. સુરેન્દ્રના પરિવારને મળ્યા હતા. અંતિમ સંસ્કારમાં પણ જોડાયા હતા. અમેઠીના બરોલિયાના પૂર્વ પ્રધાન સુરેન્દ્રસિંહની શનિવારે મોડી રાત્રે હત્યા કરવામાં આવી હતી. વહેલી પરોઢે ત્રણ વાગે હુમલાખોરોએ ગોળી મારી હતી. સુરેન્દ્રના ભાઈ નરેન્દ્રસિંહ અને પુત્ર અભયપ્રતાપસિંહે કહ્યું હતું કે, સ્મૃતિ ઈરાનીની ચૂંટણીમાં તેઓ સતત સક્રિય રહ્યા હતા. સ્મૃતિને જીતાડવા માટે સુરેન્દ્રએ ખુબ ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. રાહુલ ગાંધીની હાર બાદથી અનેક કોંગ્રેસી નેતા નાખુશ દેખાઈ રહ્યા હતા. પુત્ર અભયે કહ્યું હતું કે, સ્મૃતિ ઈરાનીની જીતથી લોકો ખુશી મનાવી રહ્યા હતા જ્યારે કેટલાક કોંગ્રેસી નેતાઓને આ વાત પસંદ પડી ન હતી. પિતાના હત્યારાઓને વહેલીતકે પકડી પાડીને સજા કરવાની માંગ કરવામાં આવી છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશ પોલીસના જીડીપી ઓપીસિંહે કહ્યું છે કે, કેસમાં ઉંડી તપાસ ચાલી રહી છે. કેટલાક પુરાવા હાથ લાગ્યા છે. સાત લોકોને હજુ સુધી કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. આગામી ૧૨ કલાકની અંદર જ કેસને ઉકેલી લેવામાં આવશે તેવો દાવો કરવામાં આવ્યો છે. આસપાસના ગામોમાં સુરેન્દ્રસિંહ ભારે પ્રભાવ ધરાવતા હતા. ચૂંટણી પ્રચારમાં પણ તેમની ભૂમિકા નિર્ણાયક રહી હતી. સ્થાનિક લોકોના કહેવા મુજબ અનેક ગામોમાં તેમનું વિશેષ પ્રભુત્વ હતું. સ્મૃતિની જીતમાં સૌથી મોટી ભૂમિકા તેમની હતી.

# કેરળમાં ૧૫ આતંકીઓ ઘૂસવાની આશંકા

**આઈએસના ૧૫ ત્રાસવાદી નૌકામાં દેખાતા હાઈએલર્ટ : કેરળના દરિયાકાંઠે હાઈએલર્ટની જાહેરાત : લક્ષ્યદ્વીપના કિનારે, શ્રીલંકા સરહદ ઉપર દરિયાઇ જહાજો અને વિમાનો તૈનાત થયા : પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર**

થિરુવંતનપુરમ, તા. ૨૬

ઈસ્લામિક સ્ટેટના ૧૫ ખૂંખાર આતંકવાદીઓના નૌકાઓમાં બેસીને શ્રીલંકાથી લક્ષ્યદ્વીપ તરફ રવાના થવાના અહેવાલ આવ્યા બાદથી ખળભળાટ મચી ગયો છે. નૌકામાં દેખાયેલા આઈએસના ૧૫ આતંકવાદીની આગેકૂચથી કેરળ અને દરિયા કાંઠાના વિસ્તારોમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. પોલીસ વિભાગના ઉચ્ચ સ્તારીય સુત્રોએ કહ્યું છે કે, દરિયાકાંઠાના પોલીસ સ્ટેશનો અનો દરિયા કાંઠાના જિલ્લા પોલીસ પ્રમુખોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ભારતીય કોસ્ટ ગાર્ડે લક્ષ્યદ્વીપ અને મિનિકોય દ્વિપની આસપાસ તેમજ શ્રીલંકા સરહદ ઉપર દરિયાઈ જહાજો અને ડિટેક્વિટ વિમાનોની તૈનાતી કરી દીધી છે. પોલીસના ઉચ્ચ સ્તરીય સુત્રોએ કહ્યું છે કે, આ પ્રકારના એલર્ટની જાહેરાત કરવાની બાબત સામાન્ય છે પરંતુ આ વખતે અમારી પાસે સંખ્યાને લઈને કોઈ ખાસ સુચના આવી નથી. એવું પણ જાણવા મળ્યું છે કે, એલર્ટ રહેવા કહેવામાં આવ્યું છે. આજ દિવસે શ્રીલંકા તરફથી પણ માહિતી મળી છે. ગુપ્તચર સંસ્થાઓનું કહેવું છે કે, હજુ પણ કેરળના અનેક લોકોના આઈએસઆઈએસ સાથે સંબંધ રહેલા છે. ઈરાક અને સિરિયામાં આઈએસનો ખાત્મો કરવામાં આવી ચુક્યો છે. શ્રીલંકામાં ૨૧મી એપ્રિલના દિવસે આઠ બોંબ બ્લાસ્ટ થયા હતા જેમાં ૩૨૫થી પણ વધુ લોકોના મોત થઈ ગયા હતા. ઈસ્લામિક સ્ટેટ દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી હતી. આવી સ્થિતિમાં આતંકવાદીઓની હિલચાલ ભારત માટે પણ ચિંતા ઉપજાવે તે પ્રકારની છે. નૌકાઓમાં આઈએસના ૧૫ ખૂંખાર આતંકવાદીઓ નજરે પડ્યા બાદ

● અનુસંધાન પાન-૭ પર




## મોદી સરકાર-૨ના ૧૦૦ દિવસનો પ્લાન તૈયાર થયો

નવી દિલ્હી, તા. ૨૬

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં ફરી વાપસી કરીલીધી છે. પોતાની પ્રથમ અવધિમાં આ સરકારે આર્થિક સુધારા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું જેમાં જીએસટી, નોટબંધી અને અર્થવ્યવસ્થામાં સુધારા લાવવાની બાબતનો સમાવેશ થાય છે. હવે બીજા ગાળામાં સરકાર અર્થવ્યવસ્થાની ગતિને તીવ્ર બનાવવાના પ્રયાસ કરશે. શરૂઆતના ૧૦૦ દિવસની અંદર જ મોટા આર્થિક સુધારાઓને મહત્વ આપવામાં આવશે.

## અંતે રાજીવકુમાર પર સકંજો મજબૂત કરાયો

**શારદા ચીટ કેસમાં રાજીવ કુમારની વિરૂદ્ધ લુકઆઉટ નોટિસ જારી : ચીટ ફંડ કાંડમાં શક્તિશાળી નેતાઓને બચાવવા પુરાવાને નષ્ટ કરવાનો રાજીવ પર આક્ષેપો : વિદેશ નહીં જઈ શકે**

નવી દિલ્હી, તા. ૨૬

કરોડો રૂપિયાના શારદા ચીટ ફંડ કૌભાંડમાં આરોપી અને કોલકાતાના પૂર્વ પોલીસ કમિશનર રાજીવ કુમારની સામે લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે. નોટિસ સીબીઆઈના પ્રસ્તાવ ઉપર જારી કરવામાં આવી છે. સીબીઆઈ દ્વારા આ મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. લુકઆઉટ નોટિસ જારી કરવાનો મતલબ એ થયો કે, રાજીવકુમાર હવે દેશ છોડીને કોઈપણ કિંમતે બહાર જઈ શકશે. નોટિસ મુજબ રાજીવ એક વર્ષ સુધી દેશની બહાર જઈ શકશે નહીં અને જો બહાર જવાનો પ્રયાસ કરશે તો ઈમિગ્રેશન અધિકારી તેમની ધરપકડ કરીને સીબીઆઈને સોંપી દેશે. અધિકારીઓએ આજે કહ્યું હતું કે, સીબીઆઈએ કુમારને દેશ છોડીને બહાર જવા પર રોક લગાવવા માટે આ લુકઆઉટ

● અનુસંધાન પાન-૭ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

